**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૦૯/૨૦૧૬ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૧૦૬ લીટર દેશી દારૂ, ૦૭ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૫/૧૬**

**નરોડાઃ સુરેશભાઇ સવાજી પ્રજાપતિ (રહે.જીતેંદ્રનગર ફ્લેટ, આદર્શનગર સામે, નારણપુરા)** એ તા.૨૧/૯/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૧૩/૭/૧૬ નારોજ નરોડા ગેલેક્ષી એવન્યુ જે.એમ.કાર એસેસરીઝ** ખાતે આરોપી નીખીલ જયેંન્દ્રભાઇ વ્યાસ (રહે, મણીલાલ પાર્ક સોસાયટી, કઠવાડા રોડ, નરોડા) એ પોતાની ઇનોવા કાર વેચવાની છે તેમ કહી, **સુરેશભાઇ પાસેથી રૂપિયા ૮,૦૦,૦૦૦/- મેળવી લઇ, કાર કે રૂપિયા પરત નહીં આપી, સુરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વેજલપુર : હિતેંન્દ્રભાઇ જ્યોતીંદ્રરાય ત્રીવેદી (ઉ.વ.૫૨)(રહે, શાંતી ટાવર, કુંદન વિભાગ-૦૨ ની સામે, વાસણા)** એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨૧/૦૯/૧૬ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે સુગુન એપાર્ટમેંન્ટ વિભાગ-૧ આર.સી.પટેલ સ્કુલ સામે આવેલ બાપા સીતારામના મંદીર પાસે રોડ ઉપરથી પોતાના મમ્મી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન બે અજાણ્યા ઇસમો, મોટર સાઇકલ પર આવી "પોતે રક્ષા કરવા આવ્યા છે અને પોલીસ વાળા છે" તેમ કહી હિતેન્દ્રભાઇની મમ્મીની ચાર સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- કઢાવી લઇ જઇ પલાયન થઇ ગયા હતા.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **વી.એમ.દેસાઇ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નિકોલ : **ધનીબહેન તે સુરેશભાઇ ડાહ્યાભાઇની વિધવા પત્ની (રહે, ડૉ.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના મનમોહન ચાર રસ્તા પાસે, નિકોલ)** એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨૧/૦૯/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મનમોહન ચાર રસ્તા થી ઘર તરફ જતાં હતા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષ આશરાના) ધનીબહેનને વિશ્વાસમાં લઇ, રૂપિયા પચાસનુ બંડલ કે જેમાં ઉપરની એકજ પચાસ રૂપિયાની સાચી નોટ દેખાય તે રીતે રાખી, નીચે કાગળના પુંઠા મુકી કાળા કાપડમા સીવી ધનીબહેનને આપી, ધનીબહેને પહેરેલ સોનાની બુટ્ટી, ચાંદીનો દોરો અને પગનાં એક જોડ ચાંદીના કડલા મળી કુલ કિંમત રૂપિયા ૫,૮૦૦/- મતાનાં દાગીના કઢાવી લઇ, ધનીબહેન સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો હતો.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **એન.એન.ચાવડા** ચલાવે છે.

<u>નદીમાં ડુબી જતાં મૃત્યુ :</u> <u>સમાચાર યાદી નં.૧૭૩૬/૧૬</u>

રીવરફ્રન્ટ ઇસ્ટ : **મનીષ કુંદનભાઇ બારોટ (ઉ.વ.૧૭)(રહે, મગનજી દુધવાળાની ચાલી, પાવરહાઉસની સામે, સાબરમતી) તા.૨૧/૯/૧૬ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે સુભાષબ્રિજ કેશવનગર દશામા નાં મંદિર પાસે, સાબરમતી નદીમાં નહાવા પડતાં ડુબી જતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ.** આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **એન.પી.રાઠોડ** ચલાવે છે.

<u>આત્મહત્યા :</u> <u>સમાચાર યાદી નં.૧૭૩૭/૧૬</u>

શહેરકોટડા : **સ્નેહલભાઇ નરસિંહ પરમાર (ઉ.વ.૩૬)(રહે,લાભ એપાર્ટમેંટ, રઘુવીર સોસાયટી, સેજપુર બોઘા) એ પોતાની પત્ની પીયરમાં રહેતી હોઇ, એકલવાયા જીવનથી કંટાળી જઇ તા.૨૦/૯/૨૦૧૬ ના કલાક ૫/૩૦ વાગ્યાનાં સુમારે** પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી **દિલીપભાઇ વસતભાઇ** ચલાવે છે.

બાપુનગર : **કાજલ ડો/ઓ સુંદરભાઇ ભગવતીપ્રસાદ યાસી (ઉ.વ.૧૯)(રહે,રાધાકિશનનગર નાગરવેલ હનુમાન બાપુનગર)** એ કોઇ અગમ્ય કારણસર **તા.૨૧/૦૯/૧૬ ના કલાક ૭/૩૦ વાગ્યાનાં સુમારે** પોતાના ઘરે **છતના એંગલ સાથે દુપટ્ટો બાંધી**, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી **હસમુખસિંહ ગંભીરસિંહ** ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)